


સમસ્યા એ છે કે ખાનગી મૂડીરોકાણ વધી નથી રહ્યું અને તેના કારણે નવી રોજગારીનું સર્જન પણ સામાન્ય છે.

**નેશનલ**



શોધ અને પેટન્ટમાં ગુજરાતની ધીમી શરૂઆત

**ગુજરાત વર્તમાન**



પ્રથમ અંક વાચકોના હાથમાં મુકતા હર્ષની લાગણી અનુભવીએ છીએ.

**એડીટોરીયલ**



કૂકવેર ઉદ્યોગ હવે સવિશેષ ટેકનોલોજીલક્ષી બની ગયો છે.




ઊંઝા યાર્ડમાં ખેડૂતો એરકન્ડિશન્ડ ડાઈનિંગ હોલમાં આરોગે છે ભોજન!

**પીવીસી-સીવીપીસી પાઈપ ઉદ્યોગને ઝડપી વિકાસ કરનારાં ઘણાં પરિબળો મોજૂદ છે**

ઘર સસ્તું અને ચોક્કસ કેવી રીતે અપાવી શકાય ?



# ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ટાઈમ્સ

www.gujaratindustrialtimes.com

નવેમ્બર 1-11-2019 ₹ 10 પાના 24



સૌરાષ્ટ્રના કોઈ પણ સ્થળે ઉદ્યોગ કે બિઝનેસ કરો છો?
તો આજે જ ફ્રી નોમિનેશન કરો...

GUJARAT INDUSTRIAL TIMES
AWARDS-2019

એડવર્ટાઇઝમેન્ટ-સ્પોન્સરશીપ-માહિતી માટે સંપર્ક 99242 40334
વધુ માહિતી અંદરના પાને



હેન્સી નામે વિલા....

**હેન્સી વિલા**

Saurashtra Developers Pvt. Ltd.

રાજકોટ જિલ્લાની એક ઔદ્યોગિક ગોલ્ડનવેલી!




**લોધિકા G.I.D.C. (મેટોડા)**

# એડીટોરીયલ



નવેમ્બર 1-11-2019



ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ટાઈમ્સ નો પ્રથમ અંક વાચકોના હાથમાં મુકતા હર્ષની લાગણી અનુભવીએ છીએ. ઘણા સમયથી આપણા ગુજરાતના ઉધોગકારો,વ્યાપારીવર્ગ તેમજ ખાસ કરીને ગુજરાત જી.આઇ.ડી.સી. સ્થિત ઉધોગોની સ્થિતિ,સમસ્યાઓ,માંગણીઓ,પ્રવૃત્તિ તેમજ વિવિધ કંપનીઓ ઉધોગગૃહો તેમજ ઔધોગિક વિસ્તારોના બનાવો વિષે વિવિધસ્તરે વાચકોને માહિતી આપે તેવા સમાચાર માધ્યમની ઉણપ જણાતી હતી.

ગુજરાતના તમામ ઉધોગ સાહસિકો અને વ્યાપારીઓને તેમની કંપની કે ઉધોગસબંધી માહિતી અને અવનવી પ્રોડકટ્સ-સેવાઓની જાણકારી સબંધિત લેખ-માહિતી અમોને મોકલવા આમંત્રીએ છીએ સાથે વિવિધ વ્યાપારી સંગઠનો તેમજ એસોસિયેશન્સની વિવિધ કામગીરી અને માંગણીઓ સબંધિત 'પ્રેસનોટ'નું સ્વાગત છે.

ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ટાઈમ્સ ના પ્રથમ અંક સાથે જ અમો www.gujaratindustrialtimes.com દ્વારા ઈ-મીડિયા ક્ષેત્રે પ્રવેશી રહ્યા છીએ. ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ટાઈમ્સ સાથે દેશ-વિદેશના વાચકો જોડાઈ શકે એ માટે અમે ગ્લોબલ પ્લેટફોર્મનું સર્જન કર્યુ છે જ્યાં દેશ-વિદેશના વાચક ઓનલાઈન ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ટાઈમ્સ વાંચી શકે છે તેમજ ઈ-મેગેઝિન વિનામૂલ્યે ડાઉનલોડ કરી શકે છે. ગુજરાતના તમામ મહત્વના શહેરો અને ઔધોગિક વિસ્તારોના વાચકો સુધી ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ટાઈમ્સ પહોચી શકે તેમજ વિવિધ માહિતીઓ મળતી રહે એ દિશામાં અમો સતત પ્રયત્નશીલ છીએ.

ગુજરાતના ન્યૂઝ મીડિયાના ઔધોગિક ઈતિહાસમાં સૌ પ્રથમ ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ટાઈમ્સ એવોર્ડ્સ-૨૦૧૯ >g0Â:8I , અને બિઝનેસ એવોર્ડ્સ આયોજિત કરી રહ્યું છે. જેમાં વિવિધ ઔધોગિક અને વ્યાપારી કેટેગરીઝમાં યોગ્ય કંપની સંસ્થા,વ્યક્તિ,પ્રોડકટ્સ,સેવા સંદર્ભે એવોડ્ર્સ માટે પસંદગી કરવામાં આવશે. અમે માનીએ છીએ આ એવોડ્ર્સ જે તે કંપની-સંસ્થાને માર્કેટિંગ અને બ્રાન્ડિગ માટે ઉપયોગી બની રહેશે સાથે નવા ઉધોગ સાહસિકો માટે એક પ્રેરણાસ્ત્રોત બની રહેશે. ગુજરાતમાં આજ સુધી કોઈ બિઝનેસ મેગેઝિન દ્વારા આ પ્રકારના એવોર્ડસનું આયોજન થયું નથી. ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ટાઈમ્સ ગ્રુપ વર્જિનવ્યૂ ઇન્ફો. & એડ. મીડિયા, દ્રષ્ટિ ઇન્ફોર્મેશન સર્વિસીઝ તેમજ તેમની ફાઉન્ડેશન સંસ્થાઓ સિદ્ધિ વિનાયક ટ્રસ્ટ,ગુજરાત નાગરિક હિતરક્ષક સમિતિ,ગુજરાત ગ્રાહક સુરક્ષા ફોરમ તેમજ મીડિયા ગ્રુપના 'આપણું પોરબંદર' મેગેઝિન તેમજ આપણું પોરબંદર કલબ ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ટાઈમ્સ એવોર્ડ્સ-૨૦૧૯અંતર્ગત સમગ્ર સૌરાષ્ટ્રમાં વિવિધ સ્ત્રોત દ્વારા એવોર્ડસ વિષયક નોમિનીઝ એકત્ર કરવાની કામગીરી કરી રહી છે. સતત બાર વરસથી વર્જિનવ્યૂ ગ્રુપ જિલ્લા લેવલે વિવિધ ક્ષેત્રે 'ગૌરવ એવોર્ડ' આયોજિત કરે છે. સૌરાષ્ટ્રના તમામ ઉધોગ સાહસિકો,કંપનિઝ,વ્યક્તિ તેમજ સંસ્થાઓને તેમની લાગુ પડતી કેટેગરીઝમાં વિનામૂલ્યે નોમિનેશન કરવા જાહેર આમંત્રણ પાઠવીએ છીએ. વાચકોના પ્રતિભાવોનું સ્વાગત છે.

તંત્રી - રાજેશ પટેલ


## ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ટાઈમ્સ

**૧ નવેમ્બર ૨૦૧૯ અંકઃ ૧ વર્ષ:૧**

**તંત્રીઃ** રાજેશ પટેલ
**મેનેજિંગ તંત્રીઃ** મનીષ ઉપાધ્યાય

**રજિસ્ટર્ડ ઓફિસઃ**
વર્જિનવ્યૂ ઇન્ફો. & એડ. મીડિયા
બસ સ્ટેન્ડ પાસે,પોસ્ટ ઓફિસ પાછળ
લોધિકા જિ.રાજકોટ ગુજરાત
ફોન: ૯૯૨૪૨ ૪૦૩૩૪ ૭૪૩૩૮૪૯૬૩૪

**પોરબંદર ઓફિસઃ**
દ્રષ્ટિ ઇન્ફોર્મેશન સર્વિસીઝ
બિરલા રોડ,જૂનો રાજમહેલ પોરબંદર
જિ. પોરબંદર , ગુજરાત
ફોન: ૯૮૨૪૮ ૨૦૮૮૯

**વેબસાઈટઃ** www.gujaratindustrialtimes.com

**જાહેરખબર સંપર્કઃ**
ફોન: ૯૯૨૪૨ ૪૦૩૩૪

**તમામ પ્રકારના લેખ-સમાચાર માટે :**
૭૪૩૩૮૪૯૬૩૪



**ખાસ સૂચનાઃ**
'ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ટાઈમ્સ' મેગેઝિનમાં પ્રકાશિત થતી તમામ સામગ્રી વિચારો,લેખ,સુચના,માહિતીઓ વિવિધ સ્ત્રોત દ્વારા સંકલીત કરવામાં આવે છે. તેમાં કોઈ ખામી કે વિસંગતતા હોય તો તેના માટે' ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ટાઈમ્સ 'મેગેઝિનની કોઈ પણ પ્રકારની જવાબદારી નથી. આ મેગેઝિનમાં આપેલી જાહેરાત સહીત કોઈ પણ માહિતીનો ઉપયોગ કરતા વાંચકોને નમ્રતા અને વિવેકપૂર્વક આગ્રહ અને સાવધ કરીએ છીએ કે આપના વિચાર,વિવેક,સમજ અનુસાર માહિતીને ગ્રહણ કરે, મેગેઝિનમાં પ્રસિધ્ધ થતા તમામ લેખો જે તે લેખકની વિવેકબુધ્ધિ સમજ,અભ્યાસ,દ્રષ્ટિકોણ મૂજબ હોય શકે તેમજ જાહેરાત સામગ્રી જાહેરાત આપનાર વ્યક્તિ, સંસ્થાના અંગત અભિપ્રાય મુજબ હોય છે જેથી લેખ,માહિતી કે જાહેરાત સબંધી વિસંગતતા હોય તો તેના માટે લેખક,મેગેઝિન,પ્રિન્ટર્સ,પ્રકાશક,માલિક કે તંત્રીની જવાબદારી બનશે નહી જેની ખાસ નોંધ લેવી.

**Subject to Rajkot jurisdiction**



Printed published and owned by Rajesh Patel. Printed at Virginview Info. & Ad. Media, Behind bus stand,Lodhika-360 035.Published at near bus stand, Behind post office,Lodhika - 360035.
Editor: Rajesh Patel
**RNI No.GUJGUJ 17067**



VIRGINVIEW Info. & Ad. Media

# શોધ અને પેટન્ટમાં ગુજરાતની ધીમી શરૂઆત




વર્તમાનમાં આપણે સાંભળીએ છીએ કે પ્રાચીન યુગમાં મોટા ભાગની નવી શોધ ભારતમાં જ થતી. પછીથી સમય બદલાતો ગયો અને યુરોપ-અમેરિકાએ આપણા બૌદ્ધિકોને બોલાવીને વિજ્ઞાનક્ષેત્રે શોધ-સંશોધનમાં આગળ વધી ગયા. પરિણામે આજે દરેક વૈજ્ઞાનિક શોધમાં અમેરિકા અને યુરોપના દેશોનું નામ અગ્રેસર રહે છે, પરંતુ હવે 'સ્વદેશ'ની લાગણી ધરાવતા બુદ્ધિશાળીઓ આપણા દેશમાં જ રહી અવનવી શોધ દેશના નામે કરવા લાગ્યા છે. ગુજરાતે ધીમી શરૂઆત પછી હવે એમાં થોડી પ્રગતિ કરી છે. ઈન્ટરનેશનલ કલાસનું મોડલ અપનાવવા માટે પેટન્ટ ખૂબ મહત્વની બની ચુકી છે. ઈન્ટરનેશનલ પેટન્ટ વિના વર્લ્ડ કલાસ બિઝનેસ મોડેલ આગળ વધી શકે નહીં. ઉદ્યોગક્ષેત્રે મહત્વનું સ્થાન ધરાવતું ગુજરાત હજી આ ક્ષેત્રમાં જોઈએ તેવું કાઠું કાઢી શકયું નથી, છતાં આ ક્ષેત્રમાં અમુક સારા પરિણામ દેખાઈ રહ્યા છે. ઉદ્યોગસાહસિકો અને બૌદ્ધિકો ખાસ પેટન્ટ કરાવે છે. આ પ્રવાહની કેવી શરૂઆત થઈ છે એનો તાગ મેળવે છે 'ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ટાઈમ્સ'!

## પેટન્ટ શા માટે ?

**વૈશ્વિકરણ અને ગ્લોબલ ટ્રેડના યુગમાં વૈશ્વિક વ્યાપાર માટે પેટન્ટ જરૂરિયાત બની ગઈ છે. પેટન્ટની શરૂઆત કોઈ આપણો આઈડિયા તફડાવીને વાપરવા ન લાગે એ માટે કરવામાં આવી હતી, પરંતુ હવે એ વિશ્વાસનું પ્રતીક બની રહી છે. ગુજરાતમાં બેઠા વિદેશમાં પ્રોડકટ વેચવી હોય તો પેટન્ટ ખૂબ જ મદદરૂપ નીવડે છે. વિદેશના ગ્રાહકને પેટન્ટના કારણે તમારી પ્રોડકટ ઉપર ઝડપથી વિશ્વાસ આવી જાય છે. પેટન્ટ વિનાની પ્રોડકટ ખરીદતાં એ ડરે છે જયારે પેટન્ટ થયેલી પ્રોડકટ આંખ મીંચીને ખરીદી શકે છે. જાણે કે પેટન્ટ કવોલિટીની ખાતરી આપતો સિમ્બોલ બની ગઈ છે. આંતરારષ્ટ્રીય સંસ્થાઓ કે ગ્રાહકો જે તે ઉત્પાદનો ખરીદતાં પહેલા પેટન્ટ થયેલી છે કે નહીં તેની ખરાઈ પણ કરે છે.**

થોડા સમય પહેલા જ ભાવનગર સ્થિત સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ (સી.એસ.એમ.સી.આર.આઈ.)ના વૈજ્ઞાનિકોએ ખાસ પ્રકારની દરિયાઈ વનસ્પતિના જયૂસમાંથી મગજને પોષણ આપતું તત્વ શોધી કાઢયું છે. આ અર્કની અમેરિકન પેટન્ટ લેવામાં આવી છે. મુંબઈની એક કોલેજમાં મરઘી ઉંદર તેનું સફળતાપૂર્વક પરિક્ષણ કરવામાં આવ્યું છે. જેમાં મરઘીના મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. ભારતની ટેલીકોમ ક્રાંતિના જનક ગણાતા, ગુજરાતના પનોતા પુત્ર અને વિખ્યાત ટેક્નોક્રેસ્ટ એવા સામ પિત્રોડા પેટન્ટની દુનિયામાં બહુ મોટું નામ છે. સામ પિત્રોડા નામે ૧ હજારથી વધુ પેટન્ટ બોલે છે.

વીસમી સદીના ઉદય પછીના ઔદ્યોગિકરણ, હરિફાઈ અને યુદ્ધના સમયમાં વીસમી સદીના વિજ્ઞાનની દરેક નવી શોધમાં યુરોપ, અમેરિકાના યહૂદી અને ભારતીય નિષ્ણાંતોનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. નિષ્ણાતો આપણા હોવા છતાં શોધ-સંશોધનના બૌદ્ધિક અધિકાર (પેટન્ટ) એ દેશોના નામે નોંધાતા હતા. અમેરિકનો ભારતીય હળદર અને લીમડા સુદ્ધાંની પેટન્ટ પોતાના નામે કરાવવાનો પ્રયાસ કરવા લાગ્યા ત્યારથી ભારતીયો પોતાની આવડતનો લાભ પોતાના દેશને જ આપવાનો અભિગમ અપનાવવા લાગ્યા છે. એટલે હવે નવી નવી પેટન્ટ ભારતના નામે નોંધાઈ રહી છે.

નવા શોધ-સંશોધનોને પ્રોત્સાહન આપવા અભ્યાસક્રમમાં સુધારા જરૂરી છે. આજના ઈન્ટરનેટ યુગના વિદ્યાર્થીઓ અભ્યાસ દરમિયાન પણ નવા શોધ-સંશોધનો કરી બતાવી રહ્યા છે.જેમને સરકારી મદદ અને પ્રોત્સાહન જરૂરી છે. આપણા ખેડૂતો પણ આગવી કુનેહથી નવી શોધ કરી તેની પેટન્ટ પોતાના નામે કરાવી રહ્યા છે.

## ઈન્ટલેકચ્યુઅલ પ્રોપર્ટી બાબતે વિદ્યાર્થીઓમાં સમજ કેળવતી નીતિ ઘડવી જોઈએ

**રાજ્ય અને દેશમાં અનેક નાના સંશોધકો છે કે જે નવી શોધ પાછળ શકિત–સમયનો ખર્ચ કરે છે, પરંતુ પોતાના ઉત્પાદનો યોગ્ય રીતે બજારમાં મૂકી શકતા નથી, વળતર મેળવી શકતા નથી. ઈન્ટલેકચયુઅલ પ્રોપર્ટી કાયદામાં અનેક વૈધાનિક અને વહીવટી સુધારા–વધારા કરવામાં આવ્યા છે. છતાં હજુ કેટલીક બાબતોમાં સુધારાને અવકાશ છે, એમ જણાવતાં પેટન્ટ એટર્ની કહે છે, 'દરેક રાજ્ય સરકારોએ સંસ્થાકીય ધોરણે આઈપીઆર નીતિ ઘડવી જોઈએ. બૌદ્ધિક સંપદા અંગે તમામ વિદ્યાર્થીમાં જાગૃતિ અને સમજ કેળવવા ચોક્કસ માર્ગદર્શિકા ઘડવી જોઈએ. આ સમગ્ર પ્રક્રિયાનું સંચાલન આઈપી કાઉન્સિલ અને રાજયોના ટેક્નોકેટ દ્વારા થવું જોઈએ. આનાથી બૌદ્ધિક સંપદા અંગે હકારાત્મક વાતાવરણ સર્જાશે. બૌદ્ધિક સંપદા માટે જરૂરી માળખાકીય સુવિધા માટે પણ યોગ્ય આયોજન કરવું જોઈએ. ભારતમાં બૌદ્ધિક સંપદાને લગતી બાબતો માટે પોલીસ વિભાગમાં ખાસ સેલ ઊભા કરવા જોઈએ. વિવાદ અને તકરારના કેસોના ઝડપી નિકાલ માટે ફાસ્ટ્રેક કોર્ટની જેમ અલગ આઈ.પી.અદાલત ઊભી કરવી જોઈએ. ગુજરાતમાં જે રીતે ઈન્ટલેકચ્યુઅલ પ્રોપર્ટીનો વ્યાપ વધી રહ્યો છે તે જોતાં ગુજરાત આ દિશામાં પહેલ કરી શકે છે.**

## પેટન્ટની સાદી વ્યાખ્યા

પેટન્ટની સીધી સાદી વ્યાખ્યા કરવી હોય તો કહી શકાય કે,

॥ રામ ॥

TEJAL BRAND

Kanubhai Hodar
Partner
98252 30605

TEJAL SEA FOODS
*Exporters of Frozen marine Products*

Super Gas Road, Jawarnaka,
Porbandar - 360 575. Gujarat - India
P.O. Box : 37, Tele. +91 286 2240402, 2241446
Fax : 2241447
E-mail tejalseafoods@gmail.com

કોઈ પણ સંશોધન કે વિશેષતા ધરાવતાં ઉત્પાદન માટેનો ચોક્કસ વ્યક્તિને અપાયેલો અનામત અધિકાર. એનાથી સાબિત થાય છે કે એ વસ્તુ કે ટેક્નોલોજીની શોધ તમે તમારી આગવી બુદ્ધિ વાપરીને કરી છે. એટલે એનો ઉપયોગ કોઈ પણ કરે તો તેણે તમને ચોક્કસ વળતર ચૂકવવું જ પડે. નહિતર એનો ઉપયોગ વિશ્વમાં કોઈ પણ વ્યક્તિ કે વ્યાપારી સંસ્થા ન કરી શકે. વર્તમાનમાં વૈશ્વિકરણને કારણે આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં પેટન્ટ અત્યંત મહત્વનું પરિબળ બની રહ્યું છે.

પેટન્ટ મેળવવામાં ગુજરાત પણ અગ્રેસર બન્યું છે. શરૂઆતમાં ગુજરાતના ફાર્માસ્યુટિકલ્સ અને એન્જિનિયરિંગના ક્ષેત્રમાં પેટન્ટ લેવાનો પ્રારંભ થયો છે. નવી શોધ કે સંશોધન કરનાર સંશોધકોની લાગણી એવી છે કે, પેટન્ટનો વ્યાપક ફાયદો લોકો સુધી પહોંચાડવા માટે ઉદ્યોગો આગળ આવે તે જરૂરી છે. જો કે, ગુજરાતમાં જે રીતે પેટન્ટ નોંધાવવા માટેની જાગૃતિ વધી રહી છે ઈન્ટરનેટ દ્વારા આ બાબતે વધુ માહિતી મળવા લાગી છે તે જોતા એવું ચોક્કસ કહી શકાય કે, ગુજરાત પેટન્ટની બાબતમાં સહેજ પણ પછાત નથી તે જાણીને આશ્ચર્ય થશે.

પેટન્ટ ફાઈલ કરવામાં ગુજરાત પહેલા નંબરે ભલે નથી જ, પરંતુ ટોચનાં પાંચ રાજ્યોમાં ગુજરાતનો ચોક્કસ સમાવેશ થાય છે. ગુજરાત જે રીતે મોટા ઉદ્યોગોનું કેન્દ્ર બની રહ્યું છે તે જોતાં નવા શોધ-સંશોધનોમાં અગ્રેસર રહેશે એ બાબતે ચોક્કસ આશા રાખી શકીએ. ગુજરાતના ટેક્સ્ટાઈલ અને એન્જિનીયરિંગ સહિત અન્ય વ્યવસાયોમાં પણ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટીનું નવું જ ક્ષેત્ર વિકસી રહ્યું છે. વાચકોને આશ્ચર્ય થશે કે ગુજરાતમાં વાર્ષિક સરેરાશ ૩૦૦ જેટલી પેટન્ટ નોંધાય છે.

## ઈન્ટલેકચ્યુઅલ પ્રોપર્ટી એટલે શું?

**ઈન્ટલેકચ્યુઅલ પ્રોપર્ટી એટલે બૌદ્ધિક સંપદા, બૌદ્ધિક સંપદાનું ક્ષેત્ર અનંત છે. અત્યાર સુધીમાં પ્રાથમિક રીતે તુક્કો ગણાય તેવી અગણિત બાબતોમાં શોધ થઈ છે અને સરવાળે માનવજાતને તેનાં મીઠાં ફળ મળ્યાં છે. ઈન્ટલેકચ્યુઅલ પ્રોપર્ટીને મુખ્યત્વે ચાર ભાગમાં વહેંચવામાં આવે છે, એ આ પ્રમાણે છે.**

**આઈડિયા + એક્સપ્રેશન : કોપીરાઈટ**
**આઈડિયા + ઈનોવેશન + ઈન્વેશન : પેટન્ટ**
**આઈડિયા + ક્વોલિટી + આઈડેન્ટિટી : ટ્રેડમાર્ક**
**આઈડિયા + અપીયરન્સ : ડિઝાઈન**

## પેટન્ટની જૂની માનસિકતા

ગુજરાતમાં પેટન્ટ બાબતે ઉદાસીનતા પાછળ મુખ્યત્વે પરંપરાગત શૈલીથી કરવામાં આવતા વ્યવસાયની માનસિકતાને જવાબદાર માનવામાં આવે છે. પણ હવે બદલાઈ રહેલા સમયને પારખીને નવી પેઢી જૂની માનસિકતા છોડીને આગળ વધી રહી છે. વૈશ્વિક વ્યાપારમાં પેટન્ટના ફાયદા અને જરૂરિયાત પારખીને ઉદ્યોગસાહસિકો ચીલાચાલુ ઘરેડમાંથી બહાર નીકળીને પેટન્ટ માટે ગંભીર બની રહ્યા છે.

## પેટન્ટ માટે પ્રોત્સાહન

ગુજરાતમાં પેટન્ટ મેળવવા માગતા હોય તેમને મદદરૂપ થવા માટે ખાનગી એટર્ની તેમજ રાજ્ય સરકાર પ્રયાસો કરી રહ્યા છે. પેટન્ટ અંગે જાગૃતિ કેળવવા માટે ગુજરાત સરકારના ઉદ્યોગ વિભાગ દ્વારા 'ગુજરાત ઈન્ડસ્ટ્રિઅલ એન્ડ ટેકનીકલ કન્સલ્ટન્સી ઓર્ગેનાઈઝેશન લિ. (જીટકો)નામની સંસ્થા કાર્યરત છે.આ સંસ્થા દ્વારા નાના મોટા ઉદ્યોગકારોને સંશોધન માટે ટેકનીકલ માર્ગદર્શન,સહાય અને આર્થિક પ્રોત્સાહન આપવામાં આવે છે. છતાં હજી સંશોધકો માટે જરૂરી માહોલનો અભાવ છે જોકે, વૈશ્વિક વ્યાપારના વાતાવરણથી રાજ્ય-દેશના ઉદ્યોગ સાહસિકો અને સંશોધકો ધીમે ધીમે પરિચિત થઈ રહ્યા છે એટલું જ નહીં, નવા પ્રવાહો મુજબ વર્તવા માટે સાબદા થઈ રહ્યા છે. લોકોમાં પેટન્ટના ફાયદા અને જરૂરિયાત પ્રત્યેની સમજ આવી રહી છે અને ગુજરાતમાં અનેક નાના-મધ્યમ ઉદ્યોગકારો પોતાની પેટન્ટ લઈ રહ્યા છે. ભારત સહિતની સરકારોએ આંતરરાષ્ટ્રીય સહયોગથી નવા સંશોધનોનો વ્યાપ વૈશ્વિક સ્તરે પહોંચે તે માટે સમયાંતરે પેટન્ટ અને ટ્રેડમાર્કને લગતા કાયદામાં સમયની માગ મુજબ કાયદાકીય અને વહીવટી સુધારાઓ પણ કર્યા છે અને તેનો ફાયદો દેશ-વિદેશના વ્યાપારમાં પણ જોવા મળી રહ્યો છે. કાયદામાં મોટા ખેલાડીઓ સામે નાના અથવા મધ્યમ ઉદ્યોગકારોને રક્ષણ પણ મળી રહે તેની કાળજી લેવામાં આવી રહી છે. પેટન્ટના ક્ષેત્રમાં દેશમાં ગુજરાત પહેલા પાંચ રાજ્યોમાં સ્થાન પામે છે. અન્ય રાજ્યોમાં મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને તામિલનાડુનો સમાવેશ થાય છે.

## ગુજરાત પહેલેથી જ પ્રગતિશીલ

ગુજરાત પહેલેથી જ પ્રગતિશીલ રાજ્ય રહ્યું છે અને સદીઓ પૂર્વે અખાતી દેશો સાથે સીધા વ્યાપારી સંબંધો ધરાવતાં રાજ્ય તરીકે પંકાયેલું છે. સદીઓ પૂર્વે કચ્છના દરિયાખેડૂઓ દૂર દૂરના દેશો સાથે વ્યાપારી સંબંધો સ્થાપિત કરવામાં સફળ રહ્યા હતા. ત્યારે જોકે પેટન્ટનું અસ્તિત્વ નહોતું. બધા પોતાની આગવી ખાસિયત ગુપ્ત રાખતા હતા.

હવે જયારે પરિવર્તનનો પવન ફૂંકાયો છે ત્યારે છેલ્લાં વર્ષોમાં ગુજરાતે સમગ્ર દેશમાં જે રીતે ઔદ્યોગિક ક્ષેત્રે કાઠું કાઢ્યું છે તે જોતાં બૌદ્ધિક સંપદાના ક્ષેત્રમાં પણ ગુજરાત અગ્રેસર બની શકે છે.

## ગુજરાતનો હિસ્સો

દેશમાં નોંધાતી પેટન્ટના કુલ આંકડામાં ગુજરાતનો હિસ્સો છેલ્લાં પાંચ-છ વર્ષમાં વધીને ૭ ટકા થયો છે. જીટકોના મેનેજિંગ ડાયરેકટર કહે છે કે, ટુંક સમયમાં આ હિસ્સો ૧૦ ટકા સુધી પહોંચવાની આશા છે. અત્યારે ફાર્માસ્યુટિકલ્સ અને એન્જિનિયરિંગ ક્ષેત્રના લોકો પેટન્ટ કરાવી રહ્યા છે, પરંતુ ગુજરાતમાં બાયોટેકનોલોજી (ફાર્મા) અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં ઉજળી તક છે. જાણકારો કહે છે કે, મોટા ઉદ્યોગો પાસે રિસર્ચની પોતાની આગવી વ્યવસ્થા હોય છે. કેટલાયે ઉદ્યોગકારો પોતાની પ્રોડકટ પાસે ઘરઆંગણા ઉપરાંત વિદેશી સંશોધકોની મદદ લે છે, પરંતુ ગુજરાતમાં અનેક એવા નાના અને મધ્યમ આંત્રપ્રિન્યોર છે કે જેમની પાસે પોતાના અનોખા ઉત્પાદનો છે, પરંતુ પેટન્ટ કરાવવાની સમજણ અથવા આર્થિક શક્તિ નથી. આ સંજોગોમાં જરૂર છે એવા ઉદ્યોગ સાહસિકોની કે જે નાના સંશોધકોની મદદ લઈને નવી શોધને વિશ્વના નકશા પર મૂકી દેશનું ગૌરવ વધારી શકે છે.

નવી શોધ કરીને તેની પેટન્ટ મેળવવાથી કેવો લાભ મળી શકે એનો અંદાજ મેળવવો હોય તો કેટલીક ઘટનાઓ.

Mo.: 90999 88995 Mo.: 99251 44568

# વિવેક ટ્રાવેલ્સ

પોરબંદર થી જામનગર
બરોડા-વાપી-મુંબઈ





ડેઈલી સર્વિસ - ૨ × ૨

એમ. જી. રોડ, હાથી ટાંકી કોર્નર, પોરબંદર. ફોન : ૦૨૮૬ - ૨૨૪૭૨૭૩ / ૨૨૪૭૨૭૪

■ SUJLON
■ TITAN NETS
■ AMAR POLYFILS Pvt. Ltd.

ફોન : ૦૨૮૬-૨૨૫૨૭૬૦
મો.: ૯૮૨૫૨ ૬૫૮૦૯

# કેતન વિજય ગોહેલ

રોપ્સ, ટવાઈન્સ



# વિજય નેટ

દરેક પ્રકારની નેટ મળશે.

બંદર ગેઈટ સામે, પોરબંદર

સામાન્ય રીતે એવી માન્યતા છે કે, મોટી કંપનીઓ સામે નાની કંપનીઓનો કેસ જીતી શકાતો નથી, પરંતુ આ માન્યતાને ખોટી ઠેરવતો એક કિસ્સો ૨૦૦૧ના જૂન મહિનામાં કેનેડામાં નોંધાયો છે. બન્યું એવું કે, માત્ર ૩૦ કર્મચારીઓ ધરાવતી આઈ ફોર આઈ નામની નાની કંપનીનું એક્સએમએલ નામનું સોફ્ટવેર વિશ્વવિખ્યાત માઈક્રોસોફ્ટે ઉપયોગમાં લીધું.આઈ ફોર આઈ કંપનીના પેટન્ટ હોલ્ડર માલિકના ધ્યાનમાં આવતાં તેણે માઈક્રોસોફ્ટ સામે ટેકસાસની અદાલતમાં કેસ કર્યો. જાણીને આશ્ચર્ય થશે કે માઈક્રોસોફ્ટ જેવી જાયન્ટ કંપની આ કેસમાં દોષી ઠેરવવામાં આવી હતી અને અદાલતે અમેરિકામાં લોકપ્રિય એવા માઈક્રોસોફ્ટ વર્ડ-૨૦૦૭ સોફ્ટવેરનું વેચાણ બંધ કરાવી દીધું અને આઈ ફોર આઈ કંપનીને નુકસાની પેટે ૨૯ કરોડ ડોલરનું વળતર ચૂકવવા આદેશ કર્યો.




પેટન્ટ કે ટ્રેડમાર્ક રજિસ્ટ્રેશનનો નિયમ એવો છે કે તેનો જાહેર હિતમાં ઉપયોગ ચાલુ થઈ જવો જોઈએ. પેટન્ટ લીધા પછી તેનો ઉપયોગ શરુ કરવામાં ન આવે તો પેટન્ટ હોલ્ડરે તેનો હક ગુમાવવો પડે છે. ગુજરાતમાં થોડા વર્ષો પહેલાં વિશ્વવિખ્યાત અમૂલને પોતાનો ટ્રેડમાર્ક આ રીતે ગુમાવવાનો વારો આવ્યો હતો. અમૂલે જનરલ મિલ્સ પાસેથી બાળકીનું ચિત્ર દર્શાવતો 'ટ્રિક્સ નામનો ટ્રેડમાર્ક લીધો હતો. જોકે, અમૂલે આ ટ્રેડમાર્કનો નક્કી કરેલા સમયમાં ઉપયોગ ન કરતા જનરલ મિલ્સ દ્વારા વાંધો ઉઠાવવામાં આવ્યો હતો અને અંતે અમૂલને આ ટ્રેડમાર્ક પરત કરવો પડ્યો હતો.

કેમેરાની બનાવટમાં ડંકો વગાડતી વિખ્યાત કંપની કોડાકના સ્ટીવન સેસન નામના એક એન્જિનિયરે છેક ૧૯૭૫માં ડિજિટલ કેમેરાની શોધ કરી હતી, પરંતુ કોડાક આ શોધનું સફળ રીતે વ્યાપારીકરણ કરવામાં નિષ્ફળ ગઈ અને લગભગ નાદાર થઈ ગઈ. જોકે, વર્ષો પછી જાપાને ડિજિટલ કેમેરામાં ક્રાંતિ કરી ત્યારે આ જ ડિજિટલ કેમેરાની પેટન્ટે કોડાક કંપનીને વિશ્વની ટોચની કંપની બનાવી દીધી. જાપાનની દરેક કંપનીએ ડિજિટલ કેમેરા દીઠ કોડાકને રોયલ્ટી આપવાની થાય છે. ફેબ્રુઆરી-૨૦૧૩ સુધીમાં કોડાકનું પોતાના ડિજિટલ કેમેરાનું નેટ વેચાણ ૫૨.૭ કરોડ ડોલરને આંબી ગયું હતું.

પેટન્ટને કારણે વ્યક્તિ કે સંસ્થાને આર્થિક ફાયદો થાય છે, પરંતુ સમાજને પણ ફાયદો થાય છે. પેટન્ટની માત્ર આર્થિક દ્રષ્ટિથી તુલના થવી ન જોઈએ. કોઈ પણ સંશોધક પોતાની પ્રોડક્ટ ગ્રાહકને નજરમાં રાખીને તૈયાર કરે છે. જેનો સીધો ફાયદો સમાજને થાય છે. આજે બજારમાં એવી અનેક ચીજો-ઉત્પાદનો જોવા મળે છે જેના કારણે રોજિંદા જીવનમાં અગાઉની સરખામણીએ આમૂલ પરિવર્તન આવ્યું હોય. કઠિન કામ સરળતાથી થવા લાગ્યા હોય.

### વિશ્વ કરતાં આપણો પેટન્ટના વ્યાપારીકરણનો રેશિયો ઊંચો

આઈઆઈએમ-અમદાવાદના પ્રોફેસર અને નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન-ઈન્ડિયા (એનઆઈએફ)ના એક્ઝિક્યુટિવ વા.ચેરપર્સન કહે છે કે, અત્યાર સુધીમાં એનઆઈએફ દ્વારા ૬૦૦ પેટન્ટ કરાવવામાં આવી છે. જેમાંથી ૭૮ પેટન્ટનું કોમર્શિયલાઈઝેશન થયું છે. વિશ્વના અન્ય દેશોમાં આ રેશિયો બેથી ત્રણ ટકા છે. એટલે કે અન્ય દેશોની સરખામણીએ આપણો સકસેસ રેશિયો ઊંચો છે. હજુ પણ મોટા ઉદ્યોગો સમાજ ઉપયોગી પેટન્ટ માટે આગળ આવે તો તેનાં ઉત્તમ પરિણામ મળી શકે છે.

## પેટન્ટથી તગડો નફો રળતી ફાર્મા કંપનીઓ

વિશ્વની છ મોટી ફાર્માસ્યુટિકલ્સ કંપનીઓ બજારમાં ૫૦૦ પ્રકારની દવા ઠાલવે છે. પેટન્ટને કારણે આ કંપનીઓ દવાનું ઉત્પાદન કરીને સમગ્ર વિશ્વમાં કરોડો ડોલરનો વેપાર કરે છે.

જોન્સન એન્ડ જોન્સન ૩૪૦.૧ કરોડ, ફાઈઝર ૩૪૩.૩ કરોડ, બાયર ૩૪૦.૧ કરોડ, નોવાર્ટીસ ૩૦૭.૦ કરોડ, ગ્લેકસો સ્મીથકલાઈન ૨૫૯.૨ કરોડ અને રોચ ૨૩૮.૮ કરોડની રોકડી કરે છે. આ કંપનીઓ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ પાછળ પણ કરોડો રૂપિયા ખર્ચે છે.

Tandel's®
farm fresh delicious
Shree Datt Aquaculture Farms Pvt. Ltd.
At & Post : Talodh,
Taluka : Gandevi,
Dist : Navsari,
Bilimora - 369 321
GUJARAT.
INDIA
PHONE NO : +91 2634 202151
WWW.TANDELS.COM




# મંદીનો ઓછાયો

## જાહેર અને પ્રાઈવેટ સેક્ટરમાં ઘટી રહ્યું છે રોકાણ

આર્થિક મોરચા પર મોદી સરકારને એક મોટો ઝટકો લાગ્યો છે અને દેશમાં બેરોજગારી,મંદી,બેન્કિંગ સેક્ટરની નબળી સ્થિતિ જેવી વિવિધ સમસ્યાઓથી ઘર આંગણે ઘેરાઈ ચુકી છે. સેન્ટ્રલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ અનુસાર દેશની જી.ડી.પી. ગ્રોથ રેટ ૫.૮ ટકાથી ઘટીને પાંચ ટકા પર આવી ગયો છે. છેલ્લા વર્ષે સમાન ત્રિમાસિક ગાળામાં ગ્રોથ રેટ ૮.૨ ટકા પર રહ્યો હતો. કૃષિ વિકાસ દર છેલ્લા વર્ષે ૫.૧ ટકાની સરખામણીએ ૨ ટકા પર આવી ગયો છે. જ્યારે મેન્યુફેક્ચરિંગમાં ભારે ઘટાડો નોંધાયો છે. છેલ્લા વર્ષે મેન્યૂફેક્ચરિંગ સેક્ટરમાં ગ્રોથ રેટ છેલ્લા વર્ષમાં ૧૨.૧ ટકા હતો જે હવે ઘટીને ૦.૬ ટકા પર આવી ગયો છે.આખા વિશ્વમાં અર્થતંત્ર બાબતે નિષ્ફળ નીવડેલા નોટબંધી જેવા પગલા અને સાથે જ જી.એસ.ટી.નું ઉતાવળીયું અમલીકરણ જેવા આર્થિક નિર્ણયોએ ભારતની આર્થિક સ્થિતિને ગંભીર હાનિ પહોચાડી જેનું પરિણામ હવે ધીમે ધીમે વિવિધ સ્તરે આર્થિક વિકાસ પ્રદર્શિત કરતા આંકડાઓમાં ઉતરી આવ્યું છે આર્થિક વિકાસદરના ઘટાડા પછી, ભારત વિશ્વની ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાનું બિરુદ તો ગુમાવ્યું જ છે ઉલટાનું દેશમાં બેરોજગારી અને દરેક ઔદ્યોગિક અને સર્વિસ સેક્ટરમાં વિકાસદર ડાઉનઆંક દર્શાવી રહ્યો છે પ્રથમ ક્વાર્ટરમાં દેશનો વિકાસ દર ચીનથી પણ નીચે રહ્યો છે. એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં ચીનની આર્થિક વૃદ્ધિ ૬.૨ ટકા હતી, જે તેના ૨૭ વર્ષના ઈતિહાસમાં સૌથી નીચો છે. ઘરેલું માંગ અને દેશમાં રોકાણની નબળી પરિસ્થિતિઓમાં ઘટાડો થતાં પહેલાથી જ એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે જૂન ક્વાર્ટરમાં વૃદ્ધિ દર પહેલા કરતા વધુ ખરાબ હશે.નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના પહેલા ક્વાર્ટરમાં દેશના અર્થતંત્રમાં વાર્ષિક ધોરણે માત્ર પાંચ ટકાનો દરે વિકાસ થયો હતો. બજારનો આ દર ૭.૭ ટકાની અપેક્ષા કરતા આ વિકાસદર ઘણો ઓછો છે ૨૦૧૩ પછીનો આ જી.ડી.પી. વૃદ્ધિનો સૌથી ખરાબ તબક્કો છે.

દેશની આર્થિક રફતાર ધીમી પડી રહી છે. મંદીનો ઓછાયો દેશના અર્થતંત્ર પર પડ્યો હોવાનુ રિઝર્વ બેન્કના આંકડા પણ કહી રહ્યા છે. ચિંતાજનક વાત એ છે કે, સરકારી રોકાણની સાથે સાથે ખાનગી ક્ષેત્રમાં પણ રોકાણ ઘટી રહ્યું છે.સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમીના કહેવા પ્રમાણે ૨૦૧૮-૧૯ના વર્ષમાં ડિસેમ્બર ક્વાર્ટરમાં સાર્વજનિક ક્ષેત્રમાં રોકાણ ૧૪ વર્ષના સૌથી નીચલા સ્તર પર હતું અને માત્ર ૫૦,૬૦૪ કરોડ રૂપિયાના નવા રોકાણની જાહેરાત થઈ હતી. સરકાર ફિસ્કલ ડેફિસિટ ઓછી કરવા માંગે છે તેવા સંજોગોમાં નજીકના ભવિષ્યમાં પણ સરકાર વધુ રોકાણ કરે તેવી સંભાવના નથી. કારણ કે, સરકારનુ ટેક્સ રેવન્યૂ પણ ઘટીને જી.ડી.પી. ના ૬.૯ ટકા પર પહોંચ્યુ છે. ટેક્સની આવક ૨૦૧૦-૧૧માં જી.ડી.પી. ના ૭.૩ ટકા હતી.પ્રાઈવેટ સેક્ટરમાં પણ રોકાણ ઘટી રહ્યુ છે. રિઝર્વ બેન્કના આંકડા પ્રમાણે બેન્કો દ્વારા ઉદ્યોગોને અપાતી લોનનુ પ્રમાણ ૨૦૧૦માં જી.ડી.પી.ના ૨૪ ટકા જેટલુ હતુ. જે હાલમાં ઘટીને માત્ર ૬.૯ ટકા છે. જેનો અર્થ એ છે કે, ઉદ્યોગો પણ નવા રોકાણ માટે ખાસ ઉત્સાહ બતાવી રહ્યા નથી. દેશનો મેન્યુફેક્ચરિંગ ગ્રોથ પણ વધી રહ્યો નથી. મેન્યુફેક્ચરિંગના ઉત્પાદનનો ગ્રોથ છેલ્લા ૯ વર્ષથી ૨.૮ ટકાથી ૪.૮ ટકા વચ્ચે રહ્યો છે. અગાઉના વર્ષોમાં તેમાં ૧૦ ટકાનો ગ્રોથ જોવા મળતો હતો. નાણા મંત્રીએ ભલે જાહેરાત કરી હોય કે, આગામી પાંચ વર્ષમાં ૧૦૦ લાખ કરોડનુ રોકાણ કરાશે પણ આ રકમ ક્યાંથી આવશે તેની કોઈ જાણકારી આપી નથી. સરકાર પાસે આટલુ ફંડ પણ નથી.અર્થતંત્રને વેગ આપવા સરકારે રાહતો જાહેર કરવામાં આવી હોવા છતાં તેનો ઉદ્યોગ કે વ્યાપાર જગત પર ખાસ કોઈ સાનુકૂળ અસર થશે નહીં. ચાલુ વર્ષમાં પેસેન્જર વાહનોના વેચાણમાં ચારથી સાત ટકાનો ઘટાડો થવાની વકી છે તેમ રેટિંગ એજન્સી ઈકરાએ જણાવ્યું હતું.

ઈકરા દ્વારા જાહેર કરાયેલી એક રિપોર્ટમાં જણાવ્યું હતું કે, સરકારે જાહેર કરેલા પગલાંથી ઓટો ક્ષેત્રને પણ અન્ય ક્ષેત્રની જેમ રાહત થશે. પણ તેનાથી આ ક્ષેત્રમાં ઉદ્‌ભવેલી મંદી દૂર થવાની શક્યતા ઓછી છે. ઓટો ક્ષેત્રની વૃદ્ધિનો આધાર મુખ્યત્વે ઊંચા કૃષિ ઉત્પાદન, ઔદ્યોગિક વૃદ્ધિ તેમજ અર્થતંત્રમાં સુધારા પર રહેલો છે.પરંતુ આ ત્રણેય ક્ષેત્રમાં પ્રતિકૂળ માહોલ છવાયેલો છે. ચાલુ ૨૦૧૯-૨૦ના નાણાં વર્ષમાં ઓટો ઈન્ડસ્ટ્રીએ ૨૧ ટકાથી વધુનો ડી-ગ્રોથ નોંધાવ્યો છે. શહેરી વિસ્તારની સાથોસાથ ગ્રામ્ય વિસ્તારની માંગમાં પણ ઘટાડો થવા પામ્યો છે.

Rameshbhai
+91 92271 11120

Kiranbhai
+91 92271 11122

Maruti Frozen Foods

**Maruti**
**Frozen Foods**

**R.K.K.**
**Sea Foods**

*Bara Road, Mangrol-362 225, Gujarat, India,*
*E-mail : marutifrozenfoods2014@gmail.com*

# કૂકવેર ઉદ્યોગ ટેકનોલોજીલક્ષી બન્યો છે !



ભારતમાં કૂકવેરની બજાર ૩૨થી ૩૬ કરોડ ડોલરની છે. તેમાંથી રસોડાના વપરાશનાં વાસણો અને કટલેરીનો હિસ્સો ૧૮ ટકા છે. આ બજાર અત્યંત અસંગઠિત છે. સંગઠિત ખેલાડીયો ૩૫ થી ૪૦ ટકા હિસ્સામાં કૂકવેર વાર્ષિક વૃદ્ધિ ૨૧ ટકા છે.

કૂકવેર ઉદ્યોગે છેલ્લા થોડાં વર્ષોમાં નાટયાત્મક ફેરફાર જોયા છે. નોનસ્ટીક કૂકવેરથી તેની શરૂઆત થઈ. પચાસ વર્ષ પછી પણ આ ઉદ્યોગ હજુ પણ વિકસી રહ્યો છે.

કૂકવેરમાં ડિઝાઈન અને દેખાવમાં ફેરફાર થયા છે. સ્ટાઈલીશ અને સ્માર્ટ કૂકવેર બજારમાં છવાઈ ગયા છે. આ પ્રોડકટ્સ રસોડાના વપરાશના મર્યાદિત હેતુથી બહાર નીકળીને વપરાશકારની લાઈફ સ્ટાઈલનો હિસ્સો બની ગઈ છે. અસંખ્ય બ્રાન્ડ બજારમાં આવી છે અને સ્પર્ધાત્મકતા વધી છે. રાંધણકળા માત્ર મહિલાઓ પૂરતી મર્યાદિત રહી નથી હવે પુરુષો પણ આ ક્ષેત્રે પ્રવેશવા લાગ્યા છે. વધુને વધુ લોકો હવે હેલ્ધી કૂકીગને અનુસરી રહ્યા છે. કૂકવેર ઉદ્યોગ હવે સવિશેષ ટેકનોલોજીલક્ષી બની ચૂકયો છે.

નોનસ્ટીક કોટિંગ્સની સુરક્ષાના પ્રશ્ને વધતી જતી સમસ્યાનું નિરાકરણ કૂકવેર ઉદ્યોગ માટે સૌથી વધુ અગત્યનું છે. ઘરવપરાશમાં ઉપયોગ માટે સુરક્ષિત કોટિંગ તૈયાર કરવા ઉત્પાદકો ખંતપૂર્વક કામ કરી રહ્યા છે.

દેખીતી રીતે જ સ્ટેનલેસ સ્ટીલના કૂકવેર રસોડા માટે શ્રેષ્ઠ પસંદગી બની રહે. સ્ટેનલેસ સ્ટીલના પેનમાં અંદરની તરફ એલ્યુમિનીયમ અથવા તો તાંબાનું કોટિંગ હોય છે. આ બંને ધાતુઓ સક્ષમ હિટ કંડકટર છે.

Mr. Sameer Govani
+91-9909920990

Mr. Nimesh Bhimani
+91-9033336757

VELOCITY
Complete Netting Solution

HDPE Fishing Net - Sports Net
Construction Safety Net - Agriculture Net-
HDPE Twine - Braided Twine - Sapphire Twine

Plot No. - 7, Survey No. - 24,
Near Gopal Printing Press, Near Ishwariya Crossing,
Vajdi (Vad), Kalawad Road,
Rajkot, Gujarat, India - 360024. Call : +91-8734877772
Email Id : velocitynetting@gmail.com
Website : www.velocitynettingsolution.com

PRAKASH BUDDHDEV
Mobile : 98240 41898

SHRI RAM ENGINEERS
RANGE OF MARINE & DIESEL GENERATOR ENGINE PARTS

'SHRI RAM ESTATE', GONDAL ROAD,
OPP. D-MART, RAJKOT - 360 004 (INDIA)
PHONE : (91-281) 2360530, 2368362
GST NO.: 24AAHFS3034P1ZY
E-mail : srengineers@msn.com
info@shriramengineers.net
shriramengineers34@gmail.com
www.shriramengineers.net

SKL YANMAR S.E.M.T. PIELSTICK DAIHATSU

Rototech
METAL & AUTO CO.



: Regd. Office :
220-Silver Chamber,
Opp. Atul Motor,
Tagore Road,
Rajkot-360 002. (INDIAN)

: Works :
Shreeji Estate, Shed No.5,
Opp. Gajanan Roadlines,
Near New Wire House,
10, Samrat Industrial Area,
Behind S.T. Workshop, Rajkot.

: Quick Contact :
+91 98989 11114 / 98252 15585
+91 281 2464079
info@rototechspares.com
www.rototechspares.com

# હેન્સી નામે વિલા.... હેન્સી વિલા



શ્રી ચંદુભાઈ કે. પનારા

વર્ષ ૨૦૧૦ આસપાસના સમયમાં રંગીલા એવા રાજકોટને વિકાસ અને વિસ્તરણની પાંખો આવી ત્યારે રાજકોટની લગોલગ આવેલા મવડી, રૈયા, ખંઢેરી, મૌવા જેવા ગામોમાં આવેલી ખેતીની જમીનોના ભાવો ઉચકાયા અને ત્યાંથી જે લોકોએ જમીનો વેચી તે પૈસામાંથી ઘણા લોકોએ કાલાવડ રોડ ખીરસરાથી લોધિકા રોડ અને તેની આસપાસની ખેતીની જમીનો ખરીદવા લાગ્યા અને રાતોરાત ખીરસરા લોધિકા રોડ સોનાની લગડી જેવો કિંમતી અને પ્રતિષ્ઠિત થઈ ગયો. માંગ એવી તીવ્ર હતી કે કોઈ પણ સોદાના ભાવ માત્ર ૨૪ કલાક માટેના જ ગણાતા. નાના મોટા ડેવલોપર્સએ અહીની ખેતી લાયક જમીનોમાં રોકાણ કરી દીધું. બે ત્રણ સફળ રેસીડેન્ટ પ્રોજેક્ટ્સ પણ બની ગયા. અહીની જમીનોમાં દલાલી કરીને પણ ઘણા લાખોપતિ બની ગયાના દાખલાઓ છે પણ પછી વૈશ્વિક મંદીની અસર આવી ત્યારબાદ નોટબંધીના લીધે મંદી આવી, સમય એ આવ્યો કે નાના રોકાણકારો માર્કેટમાંથી વિદાય લઈ ગયા. જે માત્ર માર્કેટની તેજીનો લાભ લેવાવાળા તકસાધુઓ અદ્રશ્ય થયા. સમય પરિવર્તનશીલ છે આજે કાલાવડ રોડ ખીરસરાથી લોધિકાનો આ ૧૨ કિમી રોડ ભવિષ્યના નવા રાજકોટ બનવા માટે જાણે દોટ મૂકી છે. કાલાવડ રોડ હોટેલ ખીરસરાથી સામે લોધિકા તરફના ૧૨ કી.મી.ડબલ પટ્ટી રોડ પર ઈન્ડસ્ટ્રીયલ ઝોનની વણઝાર છે. પણ આપણે વાત કરવી છે જેણે લોધિકા અને લોધિકા–કાલાવડ રોડ પર માત્ર ૨ કિમીના અંતરે આવેલ નાનકડા એવા અભેપર ગામને રાતોરાત ચર્ચામાં લાવી અહીના રીઅલ એસ્ટેટ ક્ષેત્રમાં ગરમી લાવી દેનારા એવા એક હાઉસિંગ પ્રોજેક્ટ વિષે !

કાલાવડ રોડ પરથી લોધિકા રોડ પર એન્ટ્રી કરો કે પીળા રંગના હોર્ડિંગ ૬ કિમી સુધી તમારી સામે અભેપર ગામ સુધી નજરે ચડતા રહે એ 'હેન્સી વિલા' નામના સ્વપ્નના સર્જક એવા સૌરાષ્ટ્ર ડેવલોપર્સના મેનેજિંગ ડાયરેકટરશ્રી ચંદુભાઈ પનારા અને ડાયરેકટરશ્રી જયપ્રકાશભાઈ પટેલને, ચાલો થોડો પરિચય મેળવીએ.



શ્રી જયપ્રકાશભાઈ પટેલ

શ્રી ચંદુભાઈ કે. પનારા સૌરાષ્ટ્ર ડેવલોપર્સ પ્રા.ના સ્થાપક અને સી.ઈ.ઓ.(મેનેજિંગ ડિરેકટર) છે. બહાઉદ્દીન કોલેજ જુનાગઢથી વાણિજ્યમાં બેચલર ડિગ્રી ધરાવે છે. ગવૅમેન્ટ એપ્રુવ્ડ એકસ–રે ટેકનીશીયન સાથે જેઓ અર્થમૂવિંગ અને હાઈડ્રોલીક સીલીન્ડર ઈન્ડસ્ટ્રીઝ ક્ષેત્રે ૨૦ થી વધુ વર્ષનો વિશાળ અનુભવ ધરાવે છે. તેઓએ ૨૦૧૨માં સૌરાષ્ટ્ર ડેવલોપર્સ પ્રા. લિ.ની સ્થાપના કરી રાજકોટ (ગુજરાત)માં ફાઈનાન્સ અને મેનેજમેન્ટના ક્ષેત્રોમાં તેમના બિઝનેસ એન્ટરપ્રાઈઝ અને રીઅલ એસ્ટેટમાં અસાધારણ સફળતા સાથે સૌરાષ્ટ્ર ડેવલપર્સ પ્રા. લીમીટેડ હાલમાં સમગ્ર ગુજરાતમાં સ્થાવર મિલ્કતોમાં નાણા, જમીન સંપાદન, કાનૂની કાર્યો અને જમીન વિકાસ માટે કાર્યરત છે. જયારે ડાયરેકટર શ્રી જયપ્રકાશ પટેલ ૨૦૧૨માં સૌરાષ્ટ્ર ડેવલોપર્સ પ્રાઈવેટ લિમિટેડ સાથે નિયામક તરીકે જોડાયા તેઓ કોમ્પ્યુટર વિજ્ઞાનમાં બેચલર ડિગ્રી તેમજ એમ.બી.એ. પબ્લિક એડમિનિસ્ટ્રેટર પુણે યુનિવર્સિટી ડીગ્રીધારક છે. શ્રી જયપ્રકાશ પટેલ વીમા, બેન્કિંગ અને ફાઈનાન્સ સેકટરના ક્ષેત્રમાં ચાર વર્ષથી વધુ અનુભવ ધરાવે છે. બજાર, નાણાકીય અને લીગલી કાર્યો માટે હાલમાં સમગ્ર જવાબદારી ઉઠાવે છે. તેમણે બાંધકામ અને ઈન્ફ્રાસ્ટ્રકચર ટાઉન પ્લાનિંગ ટેકનોલોજી અને સંશોધન સાથે લાખો ચોરસફૂટના પ્રોજેકટ્સને પ્રમોટ અને સફળતાપૂર્વક પૂર્ણ કર્યા.

અભેપર ગામમાં ૧૦૦ વીઘાના વિશાળ વિસ્તારમાં 'હેન્સી વિલા' પ્રોજેકટ ફેસ–૧માં કુલ ૯૬ વિલા નિર્માણાધીન છે આખો પ્રોજેક્ટ્ ૧૦૦૦ વિલા નિર્માણનો છે. જયાં

WITH BEST COMPLIMATES

ORIENT ABRASIVES LIMITED

LEADER IN MANUFACTURING OF FOLLOWING PRODUCTS

- HIGH ALUMINA BASED MONOLITHICS CASTABLES & MORTARS FOR STEEL, CEMENT, NON FERROUS METAL, CHEMICAL AND POWER PLANTS.
- FUSED ALUMINA ABRASIVE GRAINS (PINK, WHITE, BROWN) FOR BONDED & COATED ABRASIVES & REFRACTORY INDUSTRIES.
- SPINALS COVERING ZIRMUL, WHITE FUSED MULLITE & ALMAG FOR REFRACTORY INDUSTRIES.
- HIGH ALUMINA REFRACTORY BINDERS (HARB).

CONTACT DETAILS
TEL No. 0286 - 2222913 / 2220554 / 2220064 / 2221799 / 2221788 / 2221789
FAX NO. 0286-2222719
EMAIL - orientabrasives@oalmail.co.in
Website : orientabrasives.com

ADDRESS
ORIENT ABRASIVES LTD.
GIDC INDUSTRIAL AREA,
PORBANDAR - 370 577
GUJARAT - INDIA

SAURASHTRA DEVELOPERS PVT. LTD.
Build your trust



રોડ, લાઈટ્સ જેવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપ થઈ ચૂકયું છે. જયપ્રકાશભાઈ વધુ માહિતી આપતા જણાવે છે કે અમે મધ્યમવર્ગનો વ્યક્તિ પણ આસાનીથી મકાન ખરીદી શકે એ પ્રોજેક્ટ અમે લઈ આવ્યા છીએ જેમાં એન્ટ્રીગેઈટ, ૨૪ કલાક સિકયુરીટી, કલબ હાઉસ, ચેસ, ટેબલ ટેનીસ, સ્વીમીગ પૂલ, બાસ્કેટ બોલ, સીનીયર સીટીઝન એરિયા, જોગીગ ટ્રેક, કેરમ, ચિલ્ડ્રન પ્લે એરિયા, મીની પાર્ટી પ્લોટ, પૂલ ટેબલ ગાર્ડન, ઈનડોર ગેમ ઝોન જેવી સુવિધા આપી છે. 'હેન્સી વિલા' 1 BHK અને 2 BHK એમ બે પ્રકારના છે જેમાં 1BHK ની કિંમત રૂા.૧૫,૫૧,૦૦૦/– છે જયારે 2BHKની કિંમત રૂા.૧૮,૫૧,૦૦૦/– છે. સૌથી મહત્વની વાત કે માત્ર રૂા.૯,૯૯૯/– ના માસિક હપ્તા ૩૬ મહિના અને ત્યારબાદ બેંકલોન કંપની જ કરાવી આપશે એમ ૩ વરસમાં 'હેન્સી વિલા'ના માલિક બની શકો છો. જો હપ્તો ડબલ કરે તો બેંકલોન દ્વારા માત્ર ૧૮ મહિનામાં 'હેન્સી વિલા'નું પઝેશન મળી જશે. જેઓ સંપૂર્ણ કિંમત એક સાથે ચૂકવવા માંગતા હોય તો પણ ગ્રાહક ચૂકવી શકે છે. ટૂંકમાં ગ્રાહકે કોઈ બેંકમાં લોન માટે જવાની જરૂર નથી.



અમે શહેર અને ગામ વચ્ચેનો ભેદ જ મીટાવી દેવા કટિબદ્ધ છીએ. જયપ્રકાશભાઈની વાતમાં આત્મવિશ્વાસનો રણકો હતો ખરેખર આ વિસ્તાર હવે આવનાર બે–ત્રણ વર્ષમાં નવા રાજકોટનો એક વિસ્તાર બની રહેશે એમાં કોઈ શંકા નથી !



A. H. WADIA BOAT BUILDERS

એ. એચ. વાડીયા બોટ બિલ્ડર્સ

મેન્યુફેકચરર : વુડન, સ્ટીલ અને ફાઈબર ગ્લાસની બોટ, યાટ્સ અને લોન્ચીસ

વાડીયા શીપયાર્ડ, વખારીયા બંદર રોડ, પો. બોક્ષ નં.૧૦,
બીલીમોરા (વે) - ૩૯૬ ૩૨૧, ગુજરાત (ઈન્ડીયા)
ફોન. + ૯૧ ૨૬૩૪ - ૨૮૮૫૫૬, ૨૮૫૭૮૮
E-mail: ahboats@gmail.com, info@ahwadiaboat.com
www.ahwadiaboat.com




Velji P. & Sons
Customs Brokers

Velji P. & Sons (Agencies) Pvt. Ltd.
Freight Forvarders, Shipping Agents, Fleet Owners & Stevedores

Services

Customs & Port Clearance, Stevedoring, Warehousing, Transportation, Freight , Management, Chartering, Handling Equipments

Address : Hari Bhuvan, 1st Floor, S. T. Road, Porbandar, Gujarat, IN

Phone: +91-286-2246410, 2242663,2241047
Fax: +91-286-2244694, 2201742
Email: milan@vps.net.in



# અમેરિકા-ચીન વચ્ચે ટ્રેડવૉરને લીધે ડાયમંડ જ્વેલરી એક્સપોર્ટ ૨૫% ઘટ્યું

## નિકાસ કામકાજ કરતા જ્વેલર્સને આની સીધી જ અસર

અમેરિકા-ચીન વચ્ચેના વૈશ્વિક સ્તરે ટ્રેડ-વારને કારણે બન્ને દેશો વચ્ચે તણાવની સ્થિતિ છે અને તેને કારણે આગળ શું થશે ? અત્યારે અનિશ્ચિતતાનું વાતાવરણ છે. પરંતુ આને કારણે ડાયમંડ જ્વેલરી ઉદ્યોગનું એક્સપોર્ટ ૨૫ ટકા જેટલું ઓછું થઈ ગયું છે, એમ જ્વેલરી કામકાજ સાથે સંકળાયેલા જ્વેલર્સ વાતચીત દરમિયાન જણાવે છે. અમેરિકા અને ચીન વિશ્વના બે પાવરફુલ દેશો હોઇ, બંને દેશો વચ્ચેના તણાવની અસર ભારત સહિત સમગ્ર વિશ્વના દેશોની કરન્સી પર આવી છે. નિકાસ કામકાજનો સઘળો આધાર ફોરેન કરન્સી ઉપર અવલંબિત છે અને આ અનિશ્ચિતતાની સીધી અસર પેમેન્ટ પર આવતી હોય છે. ટ્રેડવોરને કારણે ડાયમંડ અને જવેલરીનું એકસપોર્ટ ૨૫ ટકા જેટલું ઓછું થઈ ગયું હોવાનું સમજવામાં આવે છે.

ઉપરાંત ટ્રેડવોરના લીધે અન્ય કરન્સીઓની સરખામણીમાં મજબૂત ડોલર સોનાને વધુ મોંઘો બનાવી રહ્યો છે. તેથી ચીન, બેંગકોક અને સિંગાપોર સાથે નિકાસ કામકાજ કરતા જ્વેલર્સને આની સીધી જ અસર થઈ છે. ખાસ કરીને હીરા અને સોનાના વેપારને પ્રતિકૂળ અસરનો સામનો કરી રહ્યા છે.

ઘણા વેપાર-ધંધા એકબીજા સાથે સંકળાયેલા હોય છે.હીરા કે જ્વેલરી ઉદ્યોગમાં કામકાજ વધે અને તેજી આવે તો તેની અસર રિયલ એસ્ટેટ ક્ષેત્રે પણ આવતી હોય છે. અત્યારે એવો સમય છે કે, લોકો પોતાની પાસેના ફંડનો ક્યાં ઉપયોગ કરવો એનો નિર્ણય કરી શકતા નથી. પૈસા હોય તો પણ તેનું ક્યાં રોકાણ કરવું એની દ્વિધા પ્રવર્તતી જોવા મળી રહી છે.

# અમેરિકા-ચીન વેપાર યુદ્ધ ઘેરું બનશે તો નવ મહિનાની અંદર આખું વિશ્વ મંદીમાં ધકેલાશેઃમોર્ગન

*-ટ્રમ્પની વેપાર નીતિઓને કારણે અમેરિકાના અર્થતંત્રને નુકસાન થઈ રહ્યું છે.*



અમેરિકા તથા ચીન વચ્ચેના વેપાર યુદ્ધને કારણે વૈશ્વિક અર્થતંત્ર સામે રહેલા જોરદાર જોખમને રોકાણકારો હજુપણ ગંભીરતાથી લેતા નહીં હોવાનું જોવા મળે છે. મે મહિનો અમેરિકાના શેરબજાર માટે વર્ષનો સૌથી ખરાબ મહિનો રહ્યો હોવા છતાં રોકાણકારો હજુ સ્થિતિને પારખવા નથી માગતા. ચીનની વધુ ૩૦૦ અબજ ડોલરની નિકાસ પર ૨૫ ટકા ટેરિફ લાગુ કરવાના નિર્ણયમાં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આગળ વધશે અને ચીન તેના પ્રતિસાદમાં પ્રતિકારક પગલાં લેશે તો નવ મહિનાના ગાળામાં મંદી શરૂ થઈ શકે છે એમ મોર્ગન સ્ટેન્લીએ જણાવ્યું હતું.

કેટલાક રોકાણકારો સાથેની ચર્ચામાં તેઓ વેપાર તાણની અસરોને હજુ પણ ઓછી આંકી રહ્યા હોવાનું તારણ નીકળ્યું છે એમ મોર્ગન સ્ટેન્લીના એક અર્થશાસ્ત્રીએ તેના અહેવાલમાં જણાવ્યું હતું. ચીનની ૩૦૦ અબજ ડોલરની નિકાસ તથા મેક્સિકોની સંપૂર્ણ નિકાસ પર અમેરિકા ૧૦ ટકા ટેરિફ લાગુ કરશે એવી વધી ગયેલી શકયતાને પગલે મંદીનું અનુમાન આવી પડયું છે.ગોલ્ડમેન સાચસે નાણાં વર્ષના બાકીના છ મહિનામાં અમેરિકાનો આર્થિક વિકાસ દર અડધો ટકો ઘટીને બે ટકા રહેવાની ધારણાં મૂકી છે અને ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં કપાતની શકયતામાં પણ વધારો કર્યો છે.

વાર્તાલાપ પડી ભાંગવા બદલ અમેરિકા તથા ચીન બન્ને એકબીજા પર દોષ મૂકી રહ્યા હોવાથી બન્ને દેશો વચ્ચેનું વેપાર યુદ્ધ વધુ ઉગ્ર બન્યું છે. અને મેક્સિકો ખાતેથી ગેરકાયદે ઘૂસણખોરીના વિરોધમાં ટેરિફ લાગુ કરવાની જાહેરાતને પણ દોહરાવી હતી.

રવિવારે જારી કરેલા એક શ્વેતપત્રમાં ચીને દલીલ કરી છે કે, ટ્રમ્પની વેપાર નીતિઓને કારણે અમેરિકાના અર્થતંત્રને નુકસાન થઈ રહ્યું છે. ઉત્પાદન ખર્ચમાં વધારાને કારણે ભાવો વધ્યા છે તેને કારણે વિકાસ પર અસર થઈ છે અને લોકોના જીવનધોરણ પર પણ અસર થવા સાથે બન્ને દેશો વચ્ચેના વેપારમાં રૂકાવટો પેદા થઈ રહી છે.

ચીન પર ટેરિફમાં વધુ વધારો કરવાની અમેરિકાની હિલચાલથી પરિસ્થિતિ વધુ વણસી જશે અને ઉકેલ લાવવો એ કપરો બની જશે એમ પણ શ્વેતપત્રમાં ઉલ્લેખવામાં આવ્યું છે.




## બિલ્ડીંગ વેચવાનું છે

સ્કૂલ,છાત્રાલય,બેંક,હોસ્પિટલને
અનુરૂપ ૬ દુકાન અને ૨
રૂમ,રસોડું એટેચ્ડ બાથરૂમ એવા
૬ રો બ્લોક,ફર્સ્ટ ફલોર ૨
રૂમ,બોરની સુવિધા,૪૦૦વાર
જમીન,૪૫૦૦ ચો.ફૂટ સ્લેબ
એરિયા ધરાવતું ટાઈટલ ક્લીઅર
કાલાવડ રોડ ખીરસરા પેલેસ
હોટેલથી ૧૨ કિ.મી.લોધિકા
G.I.D.C રોડ,
બસ સ્ટેન્ડપાસે,
લોધિકા.
દલાલભાઈઓએ તસ્દી લેવી.
ફોનઃ૯૯૨૪૨ ૪૦૩૩૪

## મકાન વેચવાનું છે

૬૯ વાર જમીન ,૨રૂમ,રસોડું
એટેચ્ડ સંડાસ-બાથરૂમ,ફર્સ્ટ
ફલોર પર ૧ રૂમ,(સેપ્રેટ સીડી),
બાપા સીતારામ ચોક પાસે,
ઉપવન સ્કૂલ શેરી,
'રિયલ પ્રાઈમ' સામે,
માધવ શેરી,નંબર-૪
મવડી પ્લોટ,
રાજકોટ.

મનીષ ઉપાધ્યાય

# અર્થતંત્રના વિકાસ માટે જરૂરી છે ત્રણ સુધારા

**સમસ્યા એ છે કે ખાનગી મૂડીરોકાણ વધી નથી રહ્યું અને તેના કારણે નવી રોજગારીનું સર્જન પણ સામાન્ય છે. અર્થતંત્રની પાયાની સમસ્યા દૂર કરવાના ત્રણ માર્ગ લેખકે સૂચવ્યા છે. કયાં છે આ ત્રણ પગલા...**

થોડા સમય પહેલા જ પ્રકાશિત થયેલ **I Do What I Do** પુસ્તકના લેખક છે રિઝર્વ બેંકના ભૂતપૂર્વ ગવર્નર શ્રી રઘુરામ રાજન. આ પુસ્તકમાં નોટબંધી અને અર્થતંત્ર વિષયે તેમના વિચારો.




અર્થતંત્રમાં નોટબંધીને સંબંધ છે ત્યાં સુધી બે–ત્રણ સવાલની ચર્ચા આવશ્ય છે. એક, નોટબંધીનો કુલ ખર્ચ જોઈએ તો તે ઘણો નોંધપાત્ર છે. સીધી જ વાત કરીએ તો તેનાથી આપણા અર્થતંત્રને બેથી અઢી લાખ કરોડ રૂપિયા જેટલું નુકસાન થયું છે. આ ઉપરાંત, લોકોને બેન્કના એટીએમની બહાર લાંબી લાઈનમાં ઊભા રહેવાની પડેલી મુશ્કેલીઓ કોઈ હિસાબ માંડી શકાય નહી, પણ નવી નોટ છાપવાનો ખર્ચ રિઝર્વ બેન્કના કહેવા અનુસાર રૂા.૮૦૦૦ કરોડ જેટલો છે. આ નોટને લાવવા–લઈ જવાનો બેન્કોનો ખર્ચ, બેન્કના કલાર્કથી લઈ મેનેજરો ઉપર વધેલા કામનો બોજો અને આ ડિપોઝિટ ઉપર બેન્કોએ ચૂકવવા પડેલા વ્યાજનો ખર્ચ પણ ગણીએ તો તે ઘણો વધી જાય છે.

નોટબંધીને કારણે અર્થતંત્રમાં ફરી રહેલું ઘણું ખરું કાળું નાણું પાછું નહી આવે એવી સરકારની માન્યતા હતી, જે કાળું નાણું પાછું આવે નહી તેને રદ કરી નાખવું એવી સરકારની ગણતરી હતી. પરંતુ રદ કરાયેલી ૯૯ ટકા નોટ પાછી બેન્કોમાં જમા થઈ તે સૂચવે છે કે નોટબંધીનો ઉદ્દેશ સફળ થયો નથી. જોકે, સરકાર પાછી જમા થયેલી નોટ છાનબીન કરે તો તેમાંનુ કેટલુંક નાણું બિન હિસાબી હોવાની શકયતા ખરી પણ તે સાથે એ પણ શક્ય છે કે તેનાથી સામાન્ય પ્રજાજનોની હેરાનગતિ વધે અને પ્રામાણિક કરદાતામાં આક્રોશ ફેલાય.

નોટબંધીનો બીજો એક સંભવિત લાભ એ મનાતો હતો કે તેનાથી ઈલેકટ્રોનિક પેમેન્ટનો વ્યાપ વધશે અને તેના લાભ અર્થતંત્રને મળશે. નોટબંધી પછી ઈલેકટ્રોનિક પેમેન્ટના વહેવારોમાં એકાએક વધારો થયો, પરંતુ હવે તેનો વૃદ્ધિદર ફરીથી સામાન્ય બની ગયો છે. યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ દ્વારા થતા સોદાઓનું પ્રમાણ થોડું વધ્યું છે, જે અર્થતંત્ર માટે એક સારી વાત છે. મહત્વનો સવાલ એ છે કે વિકાસ શું નોટબંધીના પગલા વિના થયો હોત નહી ? કરમાળખાના વિસ્તૃતીકરણની વાત કરીએ તો આંકડા નજરની સામે છે. કેટલાક આંકડા એવું સૂચવે છે કે કરવસૂલી નોંધપાત્ર વધી છે (આર્થિક સર્વેમાં મારા અંદાજ પ્રમાણે રૂા.૧૦,૦૦૦ કરોડનો વધારો બતાવવામાં આવ્યો છે.) પરંતુ આ વૃદ્ધિમાંથી નોટબંધીનો ફાળો કેટલો અને સામાન્ય રીતે થતી રહેતી વૃદ્ધિનો કેટલો તે કહેવું લગભગ અશક્ય છે.

તેથી એટલું કહેવું યોગ્ય કહેવાશે કે નોટબંધી પાછળનો આશય સારો હતો, પરંતુ અત્યારે હજી એવું કહી શકાય નહી કે તેને આર્થિક રીતે સફળતા મળી છે.

ચલણમાંથી ૮૬ ટકા જેટલી નોટ પાછી ખેંચી લેવામાં આવે તો તેની અસર પણ એટલી તીવ્ર રહેવાની અસંગઠિત વર્ગના, જેમાં ગરીબો વધુ હતા. તેમને નોટબંધીની સૌથી વધુ માઠી અસર થઈ છે. આપણે તેની જીડીપીમાં ગણતરી કરવા બેસીશું તો તેમાં આ ગરીબોની ગણના ખાસ નહી હોય, જીડીપીની ગણતરીમાં આ ગરીબોએ નોટબંધીના કારણે વેઠેલી યાતના માપવી અસંભવ છે. છતાં, આવા લોકોની સાથે કામ કરી રહેલી સૂક્ષ્મ નાણા સંસ્થાઓ જે તાણ અનુભવી રહી છે તેને એક પ્રમાણ ગણીએ તો આ યાતના નોંધપાત્ર છે. અર્થતંત્રમાં નવી નોટનો વ્યાપ વધશે તેમ કેટલાક લોકોની મુશ્કેલીમાં ઘટાડો થશે, એવા લોકો પણ છે જેઓ નોટબંધીના પગલે સર્જાયેલી સમસ્યાનો સામનો નહી કરી શકે. અસંગઠિત ક્ષેત્રની ઘણી પેઢીઓ–કંપનીઓ આ નોટબંધી પછીની સર્જાયેલી સમસ્યાનો સામનો નહી કરી શકવાથી બંધ પડી ગઈ છે.

ઘણા અર્થશાસ્ત્રીઓએ કદાચ એવું કહ્યું હોય કે પહેલાં નવી નોટ છાપવી અને પછી જૂની નોટને રદ કરવી જોઈએ. નોટબંધી જે રીતે કરવામાં આવી તેનો તર્ક હું સમજી શકયો નથી. નોટબંધી વિશેનો નિર્ણય લેવામાં હું એક પક્ષકાર નહોતો. નોટબંધી વિશેના ફાયદા અને ગેરફાયદાની ચર્ચા થતી હતી તેમાં હું હાજર હતો, પરંતુ જે દિવસે નિર્ણય લેવાયો ત્યારે હું હાજર નહોતો. મેં રિઝર્વ બેન્ક ૨૦૧૬ના સપ્ટેમ્બરમાં છોડી હતી અને મારા હોદ્દાના કાર્યકાળ દરમિયાન કોઈ પણ તબક્કે રિઝર્વ બેન્કને ડિમોનેટાઈઝેશન (નોટબંધી) નો નિર્ણય લેવાનું કહેવામાં આવ્યું નહોતું.

અર્થતંત્રમાંથી કાળાંનાણાંને દૂર કરવાનું સરકારનું પગલું પ્રશંસાપાત્ર છે, પરંતુ સાથે એ યાદ રાખીએ કે કાળાંનાણાની નાબૂદી માટેની કોઈ પણ પદ્ધતિ સંપૂર્ણ નથી. આમ છતાં, મને એક વિચાર આવે છે અને સરકાર તેનો અમલ પણ કરી રહી છે. અને તે વિકલ્પ છે કે કાળાંનાણાનું રોકાણ વધુ ને વધુ મુશ્કેલ બનાવવું. આ માટે એક વિકલ્પ છે નાણાકીય રોકાણમાં આધારનો ઉપયોગ શક્ય તેટલો વ્યાપક બનાવવો, કારણ કે તેનાથી સરકારને વ્યક્તિની સંપૂર્ણ મિલ્કત–સંપત્તિની જાણ થઈ શકે છે. અત્યારે તે આપણને પૂરી મળતી નથી, કારણ કે એવા બેન્ક ખાતાં છે જેનું પાન (પરમેનન્ટ એકાઉન્ટ નંબર) કે આધારની સાથે જોડાણ થયું નથી હોતું આધારની સાથે જોડાણ કરનાર કરપ્રણાલિના પાલનમાં જે કંઈ ત્રુટિઓ રહી ગઈ હોય તેને વધુ અસરકારક રીતે દૂર કરી શકાય છે. છતાં, સોનુ કે ચલણના સ્વરૂપમાં જે બિનહિસાબી નાણું સંગ્રહવામાં આવ્યું હોય તેને આધારના માધ્યમ વડે શોધવાનું મુશ્કેલ છે. કમ સે કમ, આધારના કારણે કાનાં નાણાંના આવી સંપત્તિમાં રોકાણને અઘરું અને મુશ્કેલ અવશ્ય બનાવી શકાયછે. અર્થતંત્રમાં કાળાંનાણાંની સમસ્યાને દૂર કરવાનો આ લાંબા ગાળાનો ઉપાય છે.

Kapila Exports

5, DEV ASHISH BULDING, 1ST FLOOR,
BHIDIYA PLIT, VERAVAL-362 267. [GUJARAT]
Phone Fax : 02876-231888,
Mobile : +91 98980 31687
Email : kapila.exports@gmail.com

## વૈશ્વિક બેન્કો

દરેક નાણાપ્રધાન એવું કહે છે કે ભારત પાસે વૈશ્વિક કદની મોટી બેન્ક હોવી જરૂરી છે. પરંતુ આમાં કેટલીક સમસ્યાઓ છે. આવી મોટી બેન્કનું સર્જન કરતા પહેલા જાહેર ક્ષેત્રની બેન્કોના સંચાલનની ગુણવત્તા સુધરવી જરૂરી છે. અવશ્ય, આપણા પાસે પીએસયુ બેન્કોના કેટલાક સારા સંચાલકો છે, તેમ કેટલાક સારા નથી. સમસ્યા માત્ર સંચાલકોના ઉચ્ચ સ્તરે નથી. મધ્યમ સ્તરે પણ નવી કાબેલિયતનો વિકાસ થવો જોઈએ.

બેન્કોના જોડાણ (મર્જર) માટે એવી અનુકૂળ દલીલ થઈ રહી છે કે સારી બેન્કો હોય તે નબળી બેન્કોને સંભાળી લેશે. મારું માનવું છે કે મર્જરની પ્રક્રિયા પાર પાડવા જેટલો સમય હોય. આ ધારીએ એટલું સહેલું નથી. બેન્કોનો સાંસ્કૃતિક પાયો મજબૂત હોય ત્યારે આ કામ વધુ મુશ્કેલ બને છે. ધારી લો કે ઉત્તર ભારતની એક બેન્કનું પૂર્વાંચલની એક બેન્કની સાથે જોડાણ કરવું હોય તો આ બે બેન્ક વચ્ચેની સાંસ્કૃતિક તફાવત એકરસ થવામાં સમય લાગશે. સૌથી વધુ મહત્ત્વનું એ છે કે બે અનુકૂળ થઈ શકતી ન હોય તેવી બે બેન્કનું જોડાણ કરવા જતા મુશ્કેલી વધે નહીં તે જોવું જરૂરી છે.

વિવિધ જ્ઞાનસત્રમાં એક ચિંતા એ વ્યકત કરવામાં આવે છે કે જોડાણ થવાનું હોય તે બેન્કો એકસરખો વ્યૂહ અપનાવી રહી છે કે કેમ ? કમનસીબી એ છે કે પીએસયુ બેન્કોની રણનીતિ જ્યાં સુધી નોર્થ બ્લોકમાં ઘડાતી રહે શે ત્યાં સુધી આ નીતિ એકસરખી રહેશે. આ સરકારે એક સારું કામ એ કર્યુ છે કે બેન્કોના ડિરેકટર બોર્ડને વધુ સ્વતંત્રતા આપી છે. તેમને વધુ સત્તા આપી છે અને સરકાર તથા ડિરેકટર બોર્ડ વચ્ચેનું અંતર દૂર કર્યુ છે. નાણા મંત્રાલયના સંયુક્ત સચિવને બેન્કના કોઈ ડિરેકટર અથવા સીઈઓને હાજર રહેવાનું ફરમાન કરવાની સત્તા હોવી જોઈએ નહી.

